# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૧૨.૦૧.૨૦૧૦**

- **નામદાર સુપ્રિમ કોર્ટનો નિર્ણય એ ''સત્ય મેવ જયતે''**
- **તુલસી પ્રજાપતિ, ગોપીનાથ પીલ્લઇ, સોરાબુદ્દીન જેવા અનેક હિન્દુ અને મુસલમાન નિર્દોષ વ્યકિતઓને ગુજરાતમાં બદ ઈરાદાથી મારી નાખવામાં આવ્યા હતાં.**
- **નાના ગુનેગારોને મોટા આંતકવાદી ચીતરીને મુખ્યમંત્રીશ્રીને મારવા આવ્યા હોવાનું નાટક મતોના રાજકારણ માટે સહાનુભૂતિ ઉભી કરવા માટેજ હતું.**
- **ગુજરાત સરકારની ગુન્હાઈત પ્રવૃત્તિ નામદાર સુપ્રિમ કોર્ટ પાસે ખુલ્લી થઈ જતાં નામદાર સુપ્રિમ કોર્ટે સી.બી.આઇ.ને તપાસ સોંપી.**
- **સી.બી.આઇ. કેન્દ્ર સરકાર કે રાજય સરકારની નીચે નથી પરંતુ તટસ્થ તપાસનીશ એજન્સી છે.**

નકલી એન્કાઉન્ટરની તપાસ સી.બી.આઇ. એજન્સી કરશે તેવો નામદાર સુપ્રિમ કોર્ટનો નિર્ણય એ ''સત્ય મેવ જયતે''છે. ગુજરાતમાં હિન્દુ અને મુસલમાન નિર્દોષ વ્યકિતઓનું ખોટું એન્કાઉન્ટર એ માત્રને માત્ર બદઈરાદાપૂર્વકનું હતું. તુલસી પ્રજાપતિ, ગોપીનાથ પીલ્લઇ, સોરાબુદ્દીન જેવી વ્યકિતઓને આંતકવાદી ઠરાવીને નાના ગુનેગારોને મોતને ઘાટ ઉતારવાનું અમાનવીય ષડયંત્ર હતું. આંતકવાદી છે, બહાર ટ્રેનીંગ લીધી છે અને મુખ્યમંત્રીશ્રીને મારવા આવ્યા છે, તેમ કહીને નાના ગુનેગારોને આંતકવાદી ઠેરવી મારી નાખવાનું કૃત્ય માત્રને માત્ર મુખ્યમંત્રીશ્રી તરફે સહાનુભૂતિનું મોજુ રહે અને મતોનું રાજકારણ થાય તે આશયથી નકલી એન્કાઉન્ટર થતા હતાં તેવી છાપ આમ ગુજરાતી ઉપર પણ પડી હતી.નામદાર સુપ્રિમ કોર્ટે સી.બી.આઇ.ને તપાસ સોંપવાનો નિર્ણય કર્યો છે તે આવકારદાયક છે. કારણ કે સી.બી.આઇ. ન તો ગુજરાત સરકાર નીચે છે કે ન તો ભારત સરકારની નીચે છે. તેથી તટસ્થ તપાસ જરુરી ન્યાય સુધી લઇ જશે તેવી આશા છે.

ગુજરાત સરકારે ગુનેગાર જેવી ભૂમિકા ભજવી ન હોત તો નામદાર સુપ્રિમ કોર્ટે સી.બી.આઇ ને તપાસ સોંપાવાનો નિર્ણય કરવો પડ્યો ન હોત. ગુજરાત સરકારે પહેલા શ્રીમતી ગીતા જોહરી પાસેથી તપાસ લઇને શ્રી રજનીશરાયને તપાસ સોંપી હતી અને નામદાર સુપ્રિમ કોર્ટમાં એફિડેવીટ કરી હતી એમાં જે ગુનાની ઈન્કવાયરી એક અધિકારીએ કરી હોય તેજ અધિકારી ઈન્કવાયરી ન કરી શકે તેવી નીતિ હોવાથી શ્રી ગીતા જોહરી પાસેથી તપાસ લઇને શ્રી રજનીશરાયને તપાસ સોંપી છે. આ સોગંદનામા પછી નિષ્ઠાવાન અને પ્રમાણિક અધિકારીશ્રી રજનીશરાયે યોગ્ય દિશામાં કડક તપાસ કરી અને સત્ય શોધવાનો પ્રયત્ન કર્યો તેથી સરકાર ધ્રુજી ઉઠી હતી અને પોતાની એફિડેવીટથી વિરુધ્ધ પાછી તપાસ શ્રીમતી ગીતા જોહરીને સોંપી હતી. આમ સરકારના ગુન્હાઈત વલણના કારણે નામદાર સુપ્રિમ કોર્ટ પાસે ગુજરાત સરકાર ખુલ્લી પડી ગઇ હતી. અને તેથી નામદાર સુપ્રિમ કોર્ટે એક વ્યાજબી નિર્ણય કર્યો છે. તેનું વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે સ્વાગત કરેલ છે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,
સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ